સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

છે ડંખીલા, નાની વાત પણ એ 'મન' માં રાખે છે,
લાગ જોઈ, સાથીને પણ એ આંટીમાં નાખે છે,
રાખે કાંખે દુશ્મનોને પણ એ ઓળખ્યા વગર -
વગાડે ઢોલ પોકળ સિદ્ધિઓનાં, વિશ્વ સાખે છે...

હાઈકુ

ભલી કે બૂરી
રહે ન છૂપી કદી -
'મન'ની વાત...

ખૂલ્લાં 'મન' થી
રહો 'આનંદ' સાથે -
પ્રેમ-પૂર્વક...

ચિંતન

પાદાભ્યાં ન સ્પર્શદાગ્નિં ગુરું બ્રાહ્મણમેવ ચ ।
નૈવ ગાં ન કુમારીં ચ ન વૃદ્ધં ન શિશું તથા ॥

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

અગ્નિ, ગુરુ, બ્રાહ્મણ, ગાય, કુંવારી કન્યા, વૃદ્ધ માણસ અને નાના બાળકોને પગેથી ન અડવું જોઈએ.

અગ્નિ, ગુરુ, બ્રાહ્મણ, ગાય, પૂજનીય છે, તેમને પગેથી સ્પર્શ કરવો કદાપિ ઉચિત નથી. આ આચાર વ્યવહાર વિપરિત ગણાય છે.

પૂજનીય, આદરણીય અને સન્માનીય વ્યક્તિનું સંપૂર્ણ રીતે આચાર-વિચાર-વર્તનથી સન્માન કરવું જ જોઈએ. અહીં આપેલી યાદીને હૃદયમાં રાખી જીવન - વ્યવહાર કરવો જોઈએ.

સુવિચાર

- સાધુ ખરાબ વેશમાં હોય તો પણ સન્માન મેળવે છે - **રામાયણ**
- આપત્તિ 'મનુષ્ય' બનાવે છે અને સંપત્તિ રાક્ષસ - **વિક્ટર હ્યુગો**
- વૈરાગ્ય વિના સંન્યાસ લેનારા મશ્કરીનો વિષય બને છે - **બોધિવૃક્ષ**
- કોઈ પણ વાતમાં વાદ-વિવાદ વધ્યો એટલે મનની સમતુલા નષ્ટ થાય છે - **વિવેકાનંદ**
- જો લોગ મન મેં ઉતરતે હૈ ઉન્હેં સંભાલ કર રખીયે,
  ઔર જો મન સે ઉતરતે ઉનસે સંભલ કર રહિએ - **પરિમલ સરીન**
- તારી પાસે મજબૂત દિલ છે, મજબૂત હાથ છે,
  તારી જરૂરત તું પૂરી કરી શકે છે - **લોંગફેલો**
- આજનું ઔષધ : જામફળ ખાવાથી મગજમાં લોહી સારી રીતે પહોંચે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

બાણું વરસના અમેરિકન મહિલાના પતિનું અવસાન થતાં તેમણે વૃદ્ધાશ્રમમાં રહેવા જવાનું નક્કી કર્યું. વૃદ્ધાશ્રમ પહોંચ્યા પછી એમને કલાકો સુધી રાહ જોતા બેસી રહેવું પડ્યું. આમ છતાં તેમની પ્રસન્નતા જરાય ઓછી થઈ ન હતી. એમને જે રૂમમાં રહેવાનું હતું તે તૈયાર થઈ ગઈ એટલે એમને કહેવામાં આવ્યું કે ચાલો. સાંભળી એમના ચહેરા પર મધુર સ્મિત રેલાઈ ગયું. ત્યાંના કેરટેકરે પૂછ્યું, 'તમે તો હજી રૂમમાં ગયાં નથી અને ત્યાં કેવી વ્યવસ્થા છે તેનો ખ્યાલ નથી છતાં આનંદમાં કેમ છો?' વૃદ્ધાએ કહ્યું, 'મારા આનંદ સાથે આવી કોઈ બાબતને કાંઈ લેવાદેવા નથી. સમય આવ્યા પહેલા હું મનથી સુખી થવાનું નક્કી જ કરી લેતી હોઉં છું. રૂમમાં ફર્નીચર વગેરે કેવું ગોઠવાય છે એના કરતાં, મારું મન કેવું ગોઠવાયું છે એ મારે મન વધારે મહત્ત્વનું છે. મારે જે રૂમમાં રહેવાનું છે એ મને બહુ ગમે તેવી મજાની હશે એમ મેં મનથી નક્કી કરી લીધું છે, એટલે રૂમ કેવી લાગે એ સવાલ જ રહેતો નથી. રોજ સવારે હું ઊઠું ત્યારે હું મારી પસંદગી કરી લઉં છું. મારે જે અંગો નથી ચાલતા એને યાદ કરવાને બદલે જે અંગો ચાલે છે એ માટે ઈશ્વરનો આભાર માનવાનો ભાવ દિવસમાં રહે પસાર કરવાનું હું ઊઠતાવેંત જ નક્કી કરી લઉં છું. જીવનમાં આવતી નિરાશા, રસ્તા પર સ્પીડ ઘટાડવા આવતાં સ્પીડબ્રેકર જેવી છે. સ્પીડ બ્રેકર પર લાંબો વખત ન રહેવું પછીનો રસ્તો મઝાનો હોય છે. એ ખ્યાલમાં રાખવું.' કેરટેકરે વૃદ્ધાના વિચારો સાંભળી તેમને મનોમન વંદન કર્યાં.

શિક્ષક દિને સહચિંતન જરૂરી છે

તંત્રીસ્થાનેથી...

શિક્ષણની વર્તમાન દુર્દશાના મૂળમાં તો કોરોના નામનું સૂક્ષ્મ છતાં અતિ ઘાતક વિષાણુ છે, પરંતુ કોરોનાના પ્રવેશ પૂર્વે પણ દેશ અને ગુજરાત શિક્ષણક્ષેત્રે ભારે અવઢવ અને અધ:પતનની દિશામાં તો આગળ વધી જ ચૂક્યાં હતા. કયાં તો ત્રણ-ચાર દાયકા પૂર્વે ઉમાશંકર જોષી જેવા વિશ્વકવિ કે પ્ર.ચુ.વૈદ્ય જેવા નામાંક્તિ ગણિતશાસ્ત્રી અથવા સિતાંશુ યશશ્ચંદ્ર શુક્લ કે ડૉલરરાય માંડક જેવા શ્રેષ્ઠ સર્જકો - વિચારકો - કેળવણીકારોના હાથમાં ગુજરાતના શિક્ષણનું સૂત્ર સંચાલન સોંપાતું હતું અને કયાં આજના તદ્દન સામાન્ય કક્ષાના, હાઈસ્કૂલના હેડમાસ્ટર કે કૉલેજના અધ્યાપક તરીકે પણ ના ચાલે એવા 'ભગવાધારી'ઓને શોધી શોધીને શિક્ષણ સંસ્થાઓનું સુકાન સોંપાઈ રહ્યું છે ! શિક્ષણ જેવું પવિત્ર ક્ષેત્ર પણ જયારે વિચારધારાના રંગે રંગાઈ જાય ત્યારે સમજી લેવું કે સમાજ શતમુખ વિનિપાતના આરે પહોંચી ગયો છે. પંડિત જવાહરલાલ નહેરુએ બહુ સમજપૂર્વક મૌલાના અબુલ કલામ આઝાદને રાષ્ટ્રના પ્રથમ શિક્ષણમંત્રી બનાવ્યા હતા. ધર્મના નામે વિભાજિત થયેલ હિંદુસ્તાનનો ભારત નામે ઓળખાતો મુખ્ય હિસ્સો કેળવણીનો અભડાવા દેવા તૈયાર ન હતો. પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે પણ ગાંધીજીએ રાજેન્દ્રપ્રસાદનો આગ્રહ ન રાખ્યો હોત તો નહેરુની પ્રથમ પસંદગી તો ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન જ હતા. રાજેન્દ્ર બાબુની સેવાઓને ધ્યાને લઈને એમને સળંગ બે ટર્મ સુધી રાષ્ટ્રપતિ પદ સોંપાયું અને વિશ્વવિખ્યાત ભારતીય ચિંતક - ફિલસૂફ ડૉ. રાધાકૃષ્ણનનો ઉપરાષ્ટ્રપતિપદે નિયુક્ત કરાયા. રાજેન્દ્ર પ્રસાદના અવસાન પછી રાષ્ટ્રપતિ બનેલા ડૉ. રાધાકૃષ્ણનને 'ભારતરત્ન' નું સન્માન એમના કરતાં વહેલું મળી ચૂક્યું હતું. ડૉ. રાધાકૃષ્ણન પોતાની જાતને આજીવન શિક્ષક તરીકે જ ઓળખાવતા રહ્યા હોઈ એમની સ્મૃતિમાં એમના જન્મદિવસને 'શિક્ષક દિન' તરીકે ઊજવવાની પરંપરા શરૂ થઈ હતી. શિક્ષક કયારેય સાધારણ ન હોઈ શકે - એ મતલબનું ચાણકયસૂત્ર રાધાકૃષ્ણન અને એમના ઘણા વર્ષો પછી વાજપેયી સરકારે ચૂંટાવાને નિયુક્ત કરેલા અનુગામી ડૉ. એપીજે અબ્દુલ કલામ જેવા પ્રખર શિક્ષણવેદોમાં સાકાર થતું વપરાય છે. આ દેશના રાજકારણીની વિડંબના એ રહી છે કે એણે યોગ્ય વ્યક્તિઓનું સમ્માન કરવા જેટલી ઉદારતા કે દીર્ઘદષ્ટિ નથી દાખવી જેના કારણે આપણું પ્રખર બુદ્ધિધન વિદેશમાં ખસડાતું અને ઢસડાતું રહ્યું છે. ડૉ. હરગોવિંદ ખુરાનાએ જયારે વતન એમનું બહુમાન કરવા માગતું હતું ત્યારે સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધેલું કે મને અમેરિકન નાગરિક તરીકે ઓળખાવું ગમશે, કારણ કે મારી જન્મભૂમિએ કદર ન કરી ત્યારે નાછૂટકે મારે એ છોડીને દેશવટો સ્વીકારવો પડ્યો છે. ટાગોર અને ગાંધીએ વિકસાવેલી શિક્ષણની દેશી અને કુદરતી તરાહોને વર્તમાન સરકાર સ્વીકારતી નથી. નવી શિક્ષણનીતિના મુદ્દા અલબત્ત, આકર્ષક લાગે છે, પરંતુ એની પાછળ નેપથ્યે રહીને જો રાજનીતિ જ રમવાની હોય તો ખાડે ગયેલી શિક્ષણ વ્યવસ્થા વધુ ઊંડી ગર્તામાં ધકેલાઈ જશે અને ઊછરતી પેઢીને મૂલ્યો કે માણસાઈને બદલે ધાર્મિક - સાંપ્રદાયિક જડતાના સકંજામાં સપડાવું પડશે તેવી દહેશત અસ્થાને નથી. રાધાકૃષ્ણનના અને કલામને એથી કેટલી ઠેસ પહોંચશે તેનો અંદાજ લગાવવો મુશ્કેલ છે.

શૅર કો જંગલ સે પકડકર પીંજરે મેં બંધ કર દીયા હૈ... મગર શૉર તો પિંજરે મેં ભી ઘાસ નહીં ખાતા

વિચારયાત્રા
ડાયલોગથી દેવભાષા

શેર કો જંગલ સે પકડકર પીંજરે મેં બંધ કર દીયા હૈ... મગર શોર તો પિંજરે મેં ભી ઘાસ નહીં ખાતા

- ૧૬ ડિસેમ્બર

જી હા ! ફિલ્મનું નામ છે, '૧૬ ડિસેમ્બર'. પરંતુ આ ફિલ્મ રિલીઝ થઈ હતી, ૨૨મી માર્ચ, ૨૦૦૨માં. ફિલ્મ દિગ્દર્શક મણિશંકરે બનાવેલી આ ફિલ્મ ભારત-પાકિસ્તાનની ૭૧'ની લડાઈના ૩૦ વર્ષની ઉજવણી પ્રસંગે બનાવાઈ હતી, જેમાં ૧૬ ડિસેમ્બર ખરેખર ભારત 'વિજય દિવસ'ની સાથે સાથે 'બાંગ્લાદેશ'ના જન્મનો પણ શાક્ષી આ દિવસ રહ્યો હતો.

આ ફિલ્મની પટકથા અને દિગ્દર્શન મણિશંકરે કર્યું હતું. ડેની ડેન્ઝોગ્પા, ગુલશન ગ્રોવર, મિલિન્દ સોમાન, સુશાંતસિંહ, અદિતી ગોવિત્રીકર જેવા કલાકારોએ આ ફિલ્મમાં અભિનય કર્યો હતો. મણિશંકરે જ આ ફિલ્મના સંવાદ લખ્યા હતા.

The One & Only ડેની ડેન્ઝોગ્પાના મુખે ફિલ્મમાં આ સંવાદ બોલાવવામાં આવ્યો છે. લગભગ ઘણા બધા ચલચિત્રોમાં ઉપર મુજબનો આવો સંવાદ આપણે સાંભળ્યો હશે. પરંતુ વાસ્તવમાં 'હિતોપદેશ' માં આ જ પ્રકારની વાત સમજાવતો શ્લોક હજારો વર્ષ પહેલા લખાઈ ગયો છે.

મનસ્વી મ્રિયતે કામં કાર્યણ્યં ન તુ ગચ્છતિ ।
અપિ નિર્વાણમાયાતિ નાનલો યાતિ શીતતામ્ ॥

મનસ્વી (સ્વમાની) મરી ભલે જાય, દીનભાવ નહીં અપનાવે. આગ બુઝાઈ ભલે જાય ઠંડી નહીં થાય.

પંડિત નારાયણે 'પંચતંત્ર' તથા અન્ય નીતિગ્રંથોની મદદથી 'હિતોપદેશ' ની રચના કરી હતી. ડૉ. ફલીટનું માનવું છે કે આની રચના ૧૧મી સદીની આસપાસ થઈ હોવી જોઈએ.

હિતોપદેશની કથાઓમાં અર્બુદાચલ (આબુ), પાટલીપુત્ર, ઉજ્જયિની, મગધદેશ, કલિંગદેશ આદિ સ્થાનોનો ઉલ્લેખ છે.

હિતોપદેશ, મિત્રલાભ, સુહૃદ ભેદ,વિગ્રહ અને સંધિ અમે ચાર વિભાગમાં વિભાજીત છે.

હિતોપદેશની કથાઓ અત્યંત સરલ અને સુગ્રાહ્ય છે. વિભિન્ન પશુપક્ષીઓ પર આધારિત કથાઓ તેની ખાસ વિશેષતા છે. રચયિતાએ આ પશુપક્ષીના માધ્યમથી કથાશિલ્પની રચના કરી છે, જેની સમાપ્તિ કોઈ બોધજનક વાતથી થાય છે.

jayuoza@gmail.com, Mo.9898046488

'કલમનો પમરાટ' અંતર્ગત, માઈક્રોફિકશન વાર્તા સ્પર્ધા યોજાશે

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● 'કલમનો પમરાટ' અંતર્ગત, સંપાદક ટીમ- પ્રીતિબહેન ભટ્ટ અને કવન આચાર્ય દ્વારા, સપ્ટેમ્બર-૨૦૨૦ માસમાં, એક ખાસ 'વાર્તા વૈભવ'ના સ્વરૂપમાં, 'વતનની વાત' વિષય અંગેનો, વાર્તાઓનો એક 'ખાસ વિશેષ અંક' બનાવવામાં આવી રહ્યો છે. જે અન્વયે 'વતનની વાત' સંબંધેની 'ટૂંકીવાર્તા'-૪૦૦ શબ્દની મર્યાદામાં અને માઈક્રોફિક્શન વાર્તા-૧૨૫ શબ્દોની મર્યાદામાં, 'ગૂગલ ફોન્ટ' (ફોનેટિક ફોન્ટ)માં તારીખ ૧૫-૯-૨૦૨૦ સુધીમાં, kalam.vatan@gmail.com ઉપર, રસ ધરાવતાઓએ મોકલી આપવી તેમ જણાવવામાં આવ્યું છે. કૃતિ મેઈલ કરવી અથવા વૉટ્સએપ કરવી.બંને જગ્યાએ મોકલાયેલ કૃતિ સ્વીકારાશે નહીં. જો વધુ પૃચ્છાની જરૂર જણાય તો, ફોન નંબર ૯૦૩૩૩૪૪૬૩૪ ઉપર સંપર્ક કરવો. કૃતિ ધરાવતા, અખબારની હાર્ડ કૉપી જોઈતી હોય તો, કૃતિની સાથે જ સરનામું પણ મોકલવાનું રહેશે. અંક પ્રસિદ્ધ થયેથી સૉફટકૉપી, વૉટ્સએપ પર મોકલવામાં આવશે, તેમ સંપાદકો દ્વારા જણાવવામાં આવ્યું છે.

● સાહિત્ય સરવાણી વર્તુળ, બારડોલી દ્વારા 'કોરોના' વિષયક લઘુ કથાઓ માંગવામાં આવેલી હતી. જે અન્વયેના એક લઘકથા સંગ્રહ, 'કોરોના કથાઓ'ના ઈ-પુસ્તકનું વિમોચન, તાજેતરમાં જાણીતા સાહિત્યકાર ગિરિમાબેન ઘારેખાનની ઉપસ્થિતિમાં, ઑનલાઈન ગૂગલ મીટ પર યોજાઈ ગયું.

- muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

પ્રાધ્યાપક દલપત ચાવડાની વાતોનો માણવા જેવો મીઠો મહેરામણ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

કવિ ઉમાશંકર જોશીનું 'કર્ણ-કૃષ્ણલ્ર સંવાદ કાવ્ય (પ્રાચીન) સાહિત્યમર્મીઓમાં જાણીતું છે. કવિશ્રીની ઉત્તમ કાવ્ય રચનાઓ પૈકીનું એક છે તેમ માનવું ઉચિત છે. આ કાવ્ય લખાયું હશે ત્યારે વાગદેવીના ચારે હાથ કવિના મસ્તક પર રહેલા હશે તેવું દર્શકાદાદાનું અવલોકન પણ વાંચવામાં – સાંભળવામાં આવ્યું છે. જે વિચારમાંથી આ કાવ્ય પ્રગટ થયું છે તેનું એક અધિક મૂલ્ય છે. જન્મના આધારે ગુણવત્તા માપવાની અને સન્માન પ્રદાન કરવાની આપણી બહુ ચર્ચિત અને વિવાદાસ્પદ વ્યવસ્થાના મૂળમાંજ કવિનું આ કાવ્ય ખડગની શક્તિથી પ્રહાર કરે છે. મહાનાયક કૃષ્ણની વાત કે સમજાવટ કરતા જાણે કે કર્ણનો ગગનભેદી પ્રતિભાવ વિશેષ પ્રતિતિકર લાગે છે. પાંડવોના પ્રતિનિધિ તરીકે કૌરવો સાથે યુધ્ધ રોકવાના હેતુથી વિષ્ટિ કરવા આવેલા કૃષ્ણ ઈચ્છીત પરિણામ મેળવી શકતા નથી. કૌરવો સાથેનો સંવાદ નિષ્ફળ ગયા પછી મહાયુધ્ધ અનિવાર્ય વાસ્તવિકતા જણાય છે. પાંડવોના યોગક્ષેમનું વહન કરવાના વચને બંધાયેલા કૃષ્ણ કર્ણની શક્તિથી સુજાણ છે. કર્ણને કુંતીપુત્ર કહીને તેઓ સૌના હિત માટે પાંડવ પક્ષે આવીને મહારાજા થવા સમજાવે છે. પરંતુ કર્ણ પોતાના વિચારોમાં સ્પષ્ટ છે, દ્રઢ પણ છે. સમષ્ટિના લાંબાગાળાના હિત માટે વ્યક્તિનો જન્મ સંબંધ નહિ પરંતુ કર્મબળ જોવું જોઈએ તેવી સચોટ દલીલ કરે છે. આરપાર ઉતરી જાય તેવા વેધક શબ્દો અને દલીલોથી કૃષ્ણને ઉત્તર વાળતા મહારથી કર્ણ કહે છે :

હું પૂછું : સૌ પાંડવ યુધ્ધસજ્જ
ઊભા, કહો તે શીદ ? બોલશો તમે :
જે ન્યાયનો તે અધિકાર પામવા.
જે ન્યાયનું કારણ ? જન્મસિધ્ધ.
તો કૃષ્ણ, હું યે મુજ જન્મસિધ્ધ
મથી રહ્યો છું અધિકાર પામવા :
કે હીન જન્મે નવ હીન માનવ,
કે હીન કર્મે કરી હીન માનવ,
લડી રહ્યો હુંય સમષ્ટિ કાજ.
સમષ્ટિમાં જે સહુ જન્મ હીણા
જીવે, વળી ભાવિ વિશેય જીવશે,
એ સર્વના જન્મકલંક કેરો
અન્યાય ધોવા મથું છું સ્વરક્તથી
મારેય હૈયે હિત છે સમષ્ટિનું.

કર્ણ તથા એકલવ્ય જેવા કંઈ કેટલાયે લોકોને જન્મ સંબંધના ક્ષુલ્લક કારણોસર સમાજે દૂભવ્યા છે.

આ સીક્કાની બીજી બાજુ પણ જોવા – માણવા તથા બીરદાવવા જેવી છે. એકલવ્ય દેખીતા અન્યાયી એવા ગુરુવચને શરીરનું મહત્વનું અંગ વાઢીને આપી દે છે. જે લોકોને સમાજે રૂઢિ – પરંપરા અથવા માન્યતાના આધારે હીણાં ગણ્યાં છે. તેમણે પોતાના ઊંચા બલિદાન—આત્મસમર્પણથી સ્વકૌવતનું ઉજળું દર્શન જગતને કરાવ્યું છે. મહત્વની વાત એ છે કે આ બલિદાન તેમણે સમષ્ટિના હીત માટે કરેલું છે. આવી અનેક જાણીતી તથા કેટલીક અજાણી તેમજ અપ્રસિધ્ધ કથાઓ પ્રાધ્યાપક દલપત ચાવડા (રાજકોટ) તેમના પ્રગટ થનારા પુસ્તકમાં આપણાં માટે લઈને આવ્યા છે. તેમની કાળજી તથા સંશોધકને છાજે તેવી નિષ્ઠાથી ઘણી અપ્રગટ વાતો પણ આ પુસ્તકના માધ્યમથી પ્રકાશમાં આવશે.

રા ડિયાસ જે જૂનાગઢમાં શાસન સંભાળતા હતા તેમનો સમય બદલાય છે. સોલંકી વંશના પાટણના રાજવી સામેની જીવસટોસટની લડાઈમાં રા નો પરાજય થાય છે. રા ની રાણી સ્થિરમતી અને દીઘર્દ્રષ્ટિ ધરાવે છે. વિચારે છે કે દુશ્મનોના હાથમાં જો પોતાના માત્ર છ માસના બાળકનો કબજો આવશે તો રા ના વંશની સમાપ્તિ નિશ્ચિત થાય. આથી પોતાની દાસીને બાળક વાંસના સૂંડલામાં નાખી રાણી સોંપે છે અને પોતાના ધર્મના માનેલા આહીરભાઈને ત્યાં પહોંચાડવા જણાવે છે. દાસી સંપૂર્ણ વફાદાર હોવા ઉપરાંત ઊંડી સમજ ધરાવે છે. તેને આ જવાબદારીનું ભાન છે. આથી ગઢની રખેવાળી અને સાફસૂફીનું કામ કરનાર ભીમા પર તેની આંખ ઠરે છે. પોતે કદાચ રાજ્યની દાસી હોવાથી ઓળખાઈ જાય તેવી આગોતરી સૂઝથી ભીમાને બાળક નવઘણ સહિતનો આ સૂંડલો ઉપાડી લેવા જણાવે છે. પૂરી જવાબદારી અને જોખમ સાથે ભીમો ચપળતાથી આ કામ કરે છે. રાણીના ધર્મના માનેલા ભાઈનું ગામ આવી જતા બાળક સહિતનો સૂંડલો આત્મસંતોષના ભાવથી ભીમો દાસીને સોંપે છે. પરંતુ ભીમાનું હવે પછીનું પગલું એ અસાધારણ વીરત્વનું એક ઝળહળા ઉદાહરણ છે. ભીમો પોતાના પેટમાં સ્વહસ્તેજ તીક્ષ્ણ કટારી ખોસીને આત્મ બલિદાન કરે છે. છેલ્લા શ્વાસ ભરતો ભીમો કહે છે : " જૂનાગઢના ભાવી રાજવી કઈ જગાએ રહીને ઉછરે છે તેની વાત જો કદાચ મારાથી ભૂલમાં પણ કહેવાઈ જાય તો મહા અનર્થ થાય. આથી મારી ચિર વિદાય થકી શાશ્વત મૌન એજ એકમાત્ર રામબાણ ઈલાજ છે.લ્લ કોઈપણ પ્રકારની કીર્તિ – પ્રસિધ્ધિ કે સ્પૃહા સિવાય આવું અસાધારણ સામર્થ્યનું દર્શન કરાવનાર ભીમાને સમાજ તેના જન્મસંબંધના કારણે હીણપતભરી નજરે જુએ અને અછૂત ગણે તે સમાજને સ્વસ્થ સમાજ કહી શકાય નહિ.

'હરિરસ' તેમજ 'દેવીયાણ' જેવા ઉત્તમ ગ્રંથોના સર્જક ભક્તકવિ ઈસરદાસજીના કાકા આશાજી રોહડિયાએ પોતાના યજમાન અને સમાજમાં સામાન્યજન ગણાતાં દાદુને બીરદાવીને કહેલું :

ચોખાં જેના ચિત
એના વરણ કાંઉ વિચારીએ ?
પ્રહલાદેય પવિત્ર, ભલે દાનવ હુતો દાદવા.

સુરેન્દ્રનગર જિલ્લાના સુદામડાના વીર કાનિયા ઝાંપડાની વાત પણ મેઘાણીએ ભાવથી લખી છે અને પ્રસિધ્ધ થઈ છે. આ પ્રકારની પ્રસિધ્ધ તેમજ અપ્રસિધ્ધ કથાઓ દલપતભાઈએ અધ્યાપકને છાજે તેવી ઝીણવટ તથા ચોકસાઈથી લખી છે. તેઓ આપણી પ્રશંસાના અધિકારી છે.

આખરે તો સમાજે સામુહિક વિચાર કરીને, ચિંતન કરીને છૂઆછૂતનો ભાવ ઊંડે ઊંડે પણ ધરબાયેલો હોય તો તેને સવેળા કાઢવો પડશે. ગાંધીજી – બાબાસાહેબ કે ઠક્કરબાપાના આપણે સૌ વારસદારો છીએ. આપણે આપણી દ્રષ્ટિને સમ્યક અને સ્વસ્થ કરીશું તોજ ગાંધીને તેમની ૧૫૦મી જન્મજયંતીની સાચી અંજલિ આપી ગણાશે. પ્રાધ્યાપક દલપતભાઈની વાતો આપણાં કટાયેલા મનને ઉજળા કરે તેવી વેધક છે.

કન્યા લગ્ન વય વધારવાની સાંપ્રત ચર્ચા અને આજથી સો વર્ષ પહેલાનો ગાંધી વિચાર

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

સ્ત્રીઓ પ્રત્યેની રૂઢિગત ભારતીય સમાજની માનસિકતામાં બદલાવ આણવાનું સૌથી મોટું કામ મહાત્મા ગાંધીએ કર્યું હતું. અસ્પૃશ્યતા નિવારણની સાથે સમાજ સુધારણાના ક્ષેત્રમાં આ પણ તેમની સૌથી મોટી સમાજસેવા હતી. ગાંધીજી કેળવણીથી જ ઘડાયેલા એવા રેહાના તૈયબજી (અબ્બાસ અલી તૈયબજીના પુત્રી)એ હરિવિલાસ સારડા (શારદા એક્ટ) બિલ સંદર્ભે મહિલાઓની ભરાયેલી ચર્ચા સભામાં ચર્ચાયેલી વાતોનો ચિતાર આપતો પત્ર ગાંધીજીને લખ્યો હતો. ગાંધીએ આ પત્રના સંદર્ભે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા એ જોવા જેવા છે તો રેહાના તૈયબજીની પત્રની વિગતો પણ વાંચવા જેવી છે. આપણે પત્ર જોઈએ. રેહાના તૈયબજી લખે છે કે સ્ત્રીઓની પરણવાની ઉંમર ઓછામાં ઓછી ૧૮ વર્ષની કરવાના બિલના સમાવેશ પામેલા મુદ્દાના પક્ષમાં આપ છો એ જાણીને અમે ખુશ થયા છી. મહિલાઓની સભામાં સ્ત્રીઓને વારસા સંબંધી કાયદાઓ અંગે પ્રસ્તાવ પસાર કરાયો છે. સ્ત્રીઓને વારસો આપવા બાબતે આપ 'યંગ ઈન્ડિયાલ્ર અને 'નવજીવનલ્ર માં એક સખ્ત લેખ લખો તો એમને કેટલો સહાયકારક થઈ પડે!

રેહાનાબાનુ વળી પાછા લખે છે કે પોતાના જન્મપ્રસિદ્ધ હક્ક મેળવવા માટે સ્ત્રીઓને શું કામ ભીખ માંગવી પડે? અથવા તો લડત આપવી પડે એ જ હું તો સમજી શકતી નથી. પોતાની જનેતાને પુરુષ 'અબળાલ્ર તરીકે સંબોધે અને છીનવેલા હક્કો સ્ત્રીઓને પાછા આપવાની વાત કરે એ કેટલી દુ:ખદ અને હાસ્યાસ્પદ વાત લાગે! કન્યાની બાબતે તો વાત એવી રીતે કરવામાં આવે છે કે જાણે તે માલની ગાંસડી ન હોય! અને મા-બાપની ફરજ પણ ત્યાં સુધીની છે કે જ્યાં સુધી તેનો પેલો 'ધણીલ્ર આવીને તેને કબ્જામાં લઈ માતાપિતાને પહેરેગીરીમાંથી મુક્ત કરે. બસ, જ્યાં જાઓ ત્યાં તે જ મોકાણ-ધણી ને ધણી. એ 'ધણીલ્ર તો મોટો ઉપદ્રવ થઈ ગયો છે એમ ઉગ્રતાપૂર્વક લખતા રેહાનાજી છેવટે તો ગાંધીજીને પણ પત્રમાં કહી નાંખે છે - 'ખરેખર તમે જો કદાચ કન્યા જન્મ્યા હોત તો આ બધાથી તમારું લોહી ઉકળી જાત.લ્ર

જેવો સ્વભાવ અને હાડમાંસની ઝાંખી પાંખી હાજરી વાળુ શરીરે ય સાવ ઠંડુ છે એવા ગાંધીજીને પેલા બહેન તો 'બાપુ તમારું લોહી પણ ઉકળી જાયલ્ર એવા વાક્યપ્રયોગ સાથે સ્ત્રી અસમાનતાની સ્થિતિ જ યથાતથ મૂકે છે.

સારડા એક્ટને ગાંધીજીએ સમર્થન વ્યક્ત કર્યું હતું

ગાંધી સાવ ઠંડા કહેજે અને ઠંડા લોહીએ રેહાના તૈયબજીને જવાબ વાળે છે - 'પુરુષોના સ્ત્રી જાતિ ઉપરના અત્યાચારોથી લોહી ઉકાળવા માટે મારે કન્યા તરીકે જન્મવાની આવશ્યકતા નથી.લ્ર સ્ત્રીઓની સાથેના વ્યવહારો વિશે હું જાણું છું તેવું સ્પષ્ટ કહ્યા વગર ગાંધી કહે છે - સ્ત્રીઓ સાથે જે અત્યાચારો થાય છે એ સામે વારસા સંબંધેના કાયદાઓ આ અત્યાચારોમાં નજીવા ગણાય. શારદા બિલ વારસાના અત્યાચારોના સડા કાઢવા પ્રયત્ન કરે છે પણ અત્યાચારોના વારસા કયાંક ભયંકર અને ગંભીર છે. સ્ત્રીઓના અધિકાર વિશે એકે બાબતમાં હું જરાય પડતું મેલવા તૈયાર નથી એમ તેઓ સ્પષ્ટ કરે છે.

સ્ત્રી-પુરુષ અધિકારો વિશે સ્પષ્ટતા કરતાં તેઓ કહે છે, 'કાયદા એ સ્ત્રી-પુરુષની વચ્ચે કોઈ જાતની અસમાનતા રાખવી ન જોઈએ. દીકરા અને દીકરી વચ્ચે કોઈ જાતનો ભેદભાવ ન હોવો જોઈએ. જેમ જેમ સ્ત્રી જાતિને શિક્ષણ દ્વારા પોતાની શક્તિનું ભાન થતું જશે તેમતેમ તેની સાથે આજે જે અસમાન વર્તન ચાલે છે તેનો વધારે ને વધારે ઉગ્ર વિરોધ થશે. પણ પક્ષપાતી ફાયદાઓ બદલવાથી આ સ્થિતિમાં જૂજ જ વધારો થઈ શકે. સ્ત્રીઓની સાથેની અસમાનતા બાબતે જે વિચારશીલ માનવીઓ જે ધારે છે એના કરતાં એ વ્યાધિનું મૂળ વધારે ઊંડુ છે.લ્ર

સમાજજીવનના અભ્યાસુ ગાંધી સ્ત્રી-પુરુષ અસમાનતા પાછળનું મૂળ કારણ પુરુષને સત્તા અને કીર્તિનો લોભ ગણાવે છે. પુરુષને મરણ પછી પણ અમરતા જોઈએ છે એટલે તેની મિલ્કતના વારસાને પોતાની દીકર-દીકરી વચ્ચે વહેંચે તો મિલ્કત વહેંચાઈ ટુકડેટુકડા થઈ જાય તો એનું નામ કાયમ રહેતું નથી. આથી અમરત્વ માટે પુરુષ પોતાની મિલ્કત મોટા પુત્ર કે કોઈ એક પુત્રને નામે કરે છે.

વડાપ્રધાનશ્રીએ તેમના 'મન કી બાતલ્ર કાર્યક્રમમાં લગ્નવય સબંધે કરેલા વિચારો બાદ દેશભરમાં અત્યારે કન્યાની લગ્નવય અઢાર વર્ષથી વધારીને એકવીસ કરવાની ચર્ચા થઈ રહી છે આપણી વાત એ સંદર્ભની નથી પરંતુ સ્ત્રીના સ્થાન સાથે ચોક્કસ સંબંધિત છે. ગાંધીએ તત્કાલીન સમયમાં કન્યાંના લગ્ન બાબતે યુવાનોને શિખ આપી હતી એ જોવા જેવી છે. એક સમયે આપણા દેશનો પ્રશ્નો હતો - કન્યા વિક્રયનો. વૃદ્ધ પુરુષ વિધુર થાય તો પદ, પૈસો અને પ્રતિષ્ઠાના જોરે તેની દીકરીની દીકરીની ઉંમરની બાળકન્યા સાથે પણ લગ્ન કરતો. દીકરીના મા-બાપ પણ વિપરીત આર્થિક પરિસ્થિતિના કારણે પોતાની બાળકન્યા મને કે કમને વૃદ્ધને પરણાવીને કન્યાદાનનો સંતોષ માનતા હતા.

'નવજીવન' વિચારપત્રમાં ૨૬ ઑગસ્ટ ૧૯૨૮ના 'સત્યાગ્રહનો ઉપયોગલ્ર એ શીર્ષક તળે છપાયેલા લેખમાં ગાંધીજી વૃ લખે છે : 'વૃદ્ધ લગ્ન અટકાવવા સારું જલદ શસ્ત્રોનો ઉપયોગ કરવો જોઈએ એમ મને ઘણાં સમયથી લાગે છે.પચીસ જુવાન ચારિત્ર્યવાન સત્યાગ્રહીઓએ પોતાની મંડળી જમાવવી, જયાં વૃદ્ધ લગ્નો થતાં હોય ત્યાં આઠ દસ દહાડા અગાઉ પહોંચી જવું. ત્યાં તે બંને પક્ષોને સમજાવે, જ્ઞાતિને, મહાજનને, શહેરીઓને, સત્તાવાળાઓને સૌને વીનવે 'વૃદ્ધ લગ્ન ભયંકર પાપ છે,લ્ર 'ગરીબ ગાયને કતલખાનામાંથી બચાવોલ્ર, 'ગામમાં થતો જુલમ અટકાવોલ્ર, 'જુવાન ધર્મ સમજી જાગો, બાળાને બચાવોલ્ર - આ પ્રકારના વાકયો લખી સરઘસના આકારમાં આ મંડળી ફરે છે, સૌને જાગ્રત કરે અને વૃદ્ધ લગ્ન સામે આ રીતે પ્રચંડ વાતાવરણ ઉભું કરે. વૃદ્ધ લગ્ન ભારે પાપ છે એ સૂચવનારા ગીતો પણ લલકારતા જાય અને આઠ દહાડા પોતે સુખે બેસે નહીં, ને ગાળ લોકોને પણ પાપ દૂર થાય નહીં ત્યાં સુધી સુખે બેસવા ન દે. કોઈ એને ત્યાં જમવા ન જાય, જાનૈયા પણ નાસી જાય, ગોર પણ પરણાવવા ન આવે - આવું બધું ફરવા તનતોડ પ્રયાસ કરે, શાંતિ પૂર્ણ સાચવે અને હઠે નહીં. વર કે કન્યાપક્ષ સત્તાવાળાની મદદ માગે અને રાજસત્તા મંડલી પૈકી કોઈને જેલની સજા કરે, તો પણ સુખેથી જેલમાં જાય પણ ધાર્મિક ચળવળમાંથી પાછા ન પડે. સમય જતાં આ સત્યાગ્રહી મંડળીની છાપ એવી પડી જાય કે વૃદ્ધ લગ્ન કરનારા આપોઆપ અટકી જાય.